# જીવન...

*મરણ તો આવે ત્યારે વાત*
*અત્યારે તો જીવન સાથે ગમતી મુલાકાત.*

*ખીલવાનો આનંદ હોય છે*
*ખરવાની કોઈ યાદ નથી,*
*સુગંધ જેવો ભીનો ભીનો*
*વરદાન સમો વરસાદ નથી!*

*સોના જેવો દિવસ ઊગે રૂપા જેવી રાત.*
*મરણ તો આવે ત્યારે વાત.*

*હરતા રહેવું, ફરતા રહેવું*
*ઝરણાંની જેમ વ્હેતા રહેવું,*
*મહેફિલને મનભરી માણી*
*જલસા જલસા કહેતા રહેવું.*

*જીવન અને મરણની વચ્ચે નહીં પ્રશ્નો, પંચાત.*
*મરણ તો આવે ત્યારે વાત.*

**ગીતમલ્લિકા, 15-11-2004**

*મારે આત્મકથા લખવી છે.*
*હું મને પૂછ્યા કરું છું*
*કે આ આત્મકથા કોને માટે?*
*શા માટે?*
*(વર્તમાનથી છૂટવાની આ છટકબારી તો નથી ને?)*
*મારી સ્મૃતિ*
*ભૂતકાળની શેરીઓમાં*
*સત્યને શોધવા માટે*

*નીકળી પડી છે,*
*જેમ કોઈ અભિસારિકા*
*કાળી રાતે*
*પ્રિયતમના સંકેતસ્થાને*
*મળવા નીકળી હોય એમ.*
*મારે ભવના ભોંયતળિયામાં*
*ઠેઠ પહોંચીને*
*મારી વાતને*
*આકાશની અગાશી પર*
*મૂકવી છે.*

*...*

*સંબંધ તો એક જ*
*સ્વ સાથેનો.*

*મારે મારા*
*આ સંબંધોની*
*કુંડળી માંડવી છે.*
*કવચ અને કુંડળ*
*ઉતારી નાખીને*
*કર્ણની જેમ*
*મારે અર્જુન અને કૃષ્ણ*
*બંનેને ઓળખતાં ઓળખતાં*
*એમનાથી જ ઘાયલ થઈને*
*પ્રયાણ કરવું છે*
*મારા જ મરણ તરફ.*

**તરાપો (1995)**

ના... તા. 6-3-1992ના આ કાવ્ય પહેલાં કે પછી સુરેશભાઈએ આત્મકથા ક્યારેય ન લખી. પણ આભાર ઉત્પલ ભાયાણી અને જયા મહેતાનો કે જેમણે ‘આત્મકથાની અવેજી’ જેવી સુદીર્ઘ મુલાકાતો દ્વારા ‘ભૂતકાળની શેરીઓમાં’થી સુરેશભાઈને શોધી આપ્યા...

ઉત્પલ ભાયાણીએ 1982માં સુરેશભાઈના વનપ્રવેશ નિમિત્તે થયેલા સુરેશ દલાલ મૂલ્યાંકન ગ્રંથ—સંપર્કમાં ‘વીતેલી ક્ષણોમાં...’ શીર્ષક હેઠળ 78 પાનાંમાં સુરેશ દલાલ સાથે એક પ્રશ્નોત્તરી સમાવિષ્ટ કરેલી. ત્યાર બાદ જયા મહેતાએ પુસ્તકાકારે પ્રગટ કરેલી મુલાકાતો—ડાયલૉગ (1988), વેવલેન્થ (1995)—એ સુરેશભાઈના ઇમેજ પબ્લિકેશન્સની સ્થાપના પહેલાંના જીવન અને કાર્યને લગભગ સમગ્રપણે આવરી લે છે.

તો હવે પછીનાં પાનાંઓ પર સુરેશભાઈના જ શબ્દો...

**[સંકલન : અપૂર્વ આશર]**

આખરે તો કોઈ પણ મુલાકાત કે પ્રશ્નોત્તરી, વિગતો અને વિચારોનું મિશ્રણ છે. પરંતુ એ સાર્થક ત્યારે જ બને કે જ્યારે એમાંથી કંઈક એવું મળે જે અત્યાર સુધી ન કહેવાયું હોય... છએક બેઠકમાં લગભગ નવ-દસ કલાક ચાલેલી આ પ્રશ્નોત્તરીમાં ઘણી એવી ક્ષણો આવી, જે નિકટનો પરિચય ન હોત તો કદાચ એટલી ઉત્કટ અને સાચી ન બનત. પ્રશ્નોની પસંદગીમાં અને ઉત્તરોની સઘનતામાં નિકટતાનો મોટો ફાળો છે એમ હું માનું છું. [ઉત્પલ ભાયાણી, સંપર્ક]

સુરેશભાઈનું વ્યક્તિત્વ આ પ્રશ્નોત્તરીમાં પ્રગટ થાય જ છે... એક રીતે જોઈએ તો આત્મકથાની અવેજી જેવું આ પુસ્તક છે. આત્મકથા કરતાં અહીં મજા એ છે કે આત્મકથામાં લેખક પોતે ધારે તે ને તેટલું જ લખી શકે છે, અહીં પુછાયેલા પ્રશ્નોના ઉત્તરો આપવાના હોય છે... [જયા મહેતા, ડાયલૉગ]

આ ‘પ્રશ્નોત્તરી’ આત્મકથાનો જ એક પ્રકાર છે. આ તમે ન કરી હોત તો પણ હું આત્મકથા ન જ લખત. કોઈ પૂછે તો વાતો કરવી ગમે છે, પણ ખણીખોતરીને ભૂતકાળમાં જવું, એની વિગતો યાદ કરવી, એને સિલસિલાબંધ ઉતારવી—આ બધું કંટાળાજનક લાગે છે. જે વસ્તુ કંટાળાજનક લાગે અને જેમાં આનંદ ન આવે, એવું કશું હું ન કરું.

હું જન્મ્યો શ્રીમંત કુટુંબમાં. મારી મા નગરશેઠનાં દીકરી, અને મારા પિતાના પિતા પાસે પણ ખાસ્સો પૈસો. સમજું છું ત્યાં સુધી, એ પૈસો ઘસાતો ગયો હશે. અમારી લાકડાંની વખાર હતી અને એટલે અમારી મૂળ અટક લાકડાવાળા હતી.

મારા પિતાને હું ભાઈ કહેતો અને માતાને ભાભી. પિતા ખાસ્સા કદાવર અને ઊંચા. ગુસ્સો આવે ત્યારે કોઈના નહીં. પ્રેમ ખરો પણ અભિવ્યક્ત ન કરી શકે. સવારના પહોરમાં ક્યારેક વહેલા જગાડે ત્યારે વાંસા પર હાથ ફરે એ સ્પર્શને આધારે એમની હૂંફ અનુભવાય. કોઈ ખાસ મહત્ત્વાકાંક્ષા નહીં. નહીં કોઈ મનોરથ કે કોડ.

મારી માતા એ થાણાના નગરશેઠનાં દીકરી. પહેલાં દીકરી. બધાં ભાઈબહેનોમાં સૌથી મોટાં. તેમનું વ્યક્તિત્વ આક્રમક. મોટે ભાગે ચલણ એમનું રહેતું. માતા પાસે કહેવતોનો ભંડાર. ધડ ધડ ધાણીની જેમ કહેવત ફૂટે. મરાઠી ભાષા પણ માતૃભાષા હોય એમ બોલે. બુદ્ધિ કુશાગ્ર. ઊંચાઈ મધ્યમ. બેઠી દડીનાં. વાન ગોરો. મને લાગે છે કે હું સંપાદક છું એટલે બંનેનું જે બેસ્ટ હોય એ કદાચ એડિટ કરી લીધું હોય.

હું નાનો હતો ત્યારે મારે મોસાળ થાણા જતો. બહુ મોટો બંગલો હતો. એ બંગલાની સાથે ખૂબ મોટો બગીચો હતો. એ બંગલાના પ્રવેશદ્વારમાં આરસના બે સિંહ હતા ને હું નાનો હતો ત્યારે એ આરસના સિંહ જોડે વાતો કર્યા કરતો. સામાન્ય રીતે હું મારા મામાના છોકરાઓ જોડે રમ્યા કરતો હોઉં અને છતાં એ વખતે પણ હું મારું એકાંત શોધીને એ આરસના સિંહ જોડે વાતો કર્યા કરતો... એ સમયે, બહુ જ નાનો હતો ત્યારે, અચાનક મારો ભમરડો ગુમાઈ ગયો અને મારા હાથમાં દોરી રહી ગઈ. અને એ ગુમાયેલો ભમરડો મેં આખા બગીચામાં બધે શોધ્યો પણ એ ક્યાંય કરતાં ક્યાંય ન મળ્યો. અને તે વખતે હું જેટલો દુ:ખી થયો છું, એટલો ક્યારેય દુ:ખી નથી થયો. અને આજે પણ જ્યારે કોઈ વ્યક્તિ જાય છે, કે વસ્તુ જાય છે, ત્યારે પેલી હાથમાં રહી ગયેલી દોરી યાદ આવે છે.

શૈશવમાં સર્જકતા વ્યક્ત થયેલી પણ જુદી રીતે... મોસાળમાં અમારે ત્યાં ગણપતિ આવે. એ મૂર્તિની સ્થાપના બંગલાના એક મોટા રૂમમાં થાય. કેટલાક માણસો દર્શન કરવા પણ આવે, પણ બપોરનો એકથી ચારનો સમય રૂમમાં એકલા ગણપતિ હોય અને રૂમમાં એકલો હું હોઉં. હું ગણપતિ જોડે વાત કર્યા કરતો. જે કંઈ ઘટના બની હોય, જે કંઈ ધીંગાતોફાન કર્યાં હોય તે જાણે મારે એમને કહેવાનાં ન હોય! કંઈ બને તો એ કોઈકને કહી

દેવાનો પહેલેથી આનંદ. મારામાં કંઈક એવું છે કે હું કંઈ કહ્યા વગર રહી શકતો નથી. છેવટે સાહિત્યકારે કરવાનું શું છે? પોતાનામાં છે એ પ્રગટ કરવાનું છે.

ભાઈ અરવિંદ મારા કરતાં મોટો. ભણવામાં હોંશિયાર. હું વચલો. તોફાનમાં પાવરધો, પણ શિક્ષણ પ્રત્યે નર્યો અણગમો. જીવ વર્ગમાં નહીં પણ રિસેસમાં. વેકેશનની રાહ જોયા કરું. નાનો ભાઈ લલિત મોડી ઉંમરે અમદાવાદમાં રહેતો. જીવનમાં કશું કરવું છે એવા કોઈ કોડ નહીં. એ ભલો અને એની બેંકની નોકરી ભલી. અરવિંદ સાથેનો મારો નાતો બહુ ગજબનો. નાનપણથી એ મારી બધી કાળજી રાખે. જાણે કે હજી સુધી એ તે જ રોલ પ્લે કર્યા કરે છે. અરવિંદ-આશામાં મને મિત્ર અને મા-બાપ બંને મળ્યાં.

અત્યારે કૉલેજ-પ્રવેશની મુશ્કેલી છે એટલી તે વખતે હતી નહીં. તોપણ 35 ટકાવાળાને એ વખતે ઝેવિયર્સ જેવી કૉલેજમાં ફૉર્મ કોઈ આપે નહીં. ગમે તે રીતે ફૉર્મ ભર્યું અને ફાધર બાલાગ્યરે મારો ઈન્ટરવ્યૂ લીધો. મને સુરેશ નામનો અર્થ પૂછ્યો. મેં કહ્યું કે એનો સીધો સાદો અર્થ એવો થાય છે: King of God. એટલે એમણે મને પૂછ્યું કે, ‘Do you think that God has a King?’ મેં કહ્યું કે કોઈ પણ power હોય એથી વિશેષ supreme power હોવો જ જોઈએ. Even masters have masters, somehow or the other. મારા જવાબથી impress થયા હોય કે કોને ખબર, મેં યેનકેન પ્રકારેણ, કોઈની પણ મદદ વિના પોતે 35 ટકે ઍડમિશન લીધું.

કૉલેજના વાતાવરણની કદાચ સૌથી ગાઢ અસર મનસુખભાઈ ઝવેરીને કારણે થઈ. ઈન્ટર આર્ટ્સમાં એ અમને પૂર્વાલાપ જે રીતે શીખવતા, જે છટાથી શીખવતા, જે તન્મય થઈને શીખવતા અને એમની વાણીનો જે પ્રવાહ વહેતો એની એક બહુ જ ઊંડી અસર પડી’તી, મારા પર અને જગદીશના મન પર પણ. જગદીશ સાથેની મૈત્રી એ ખરેખર વિકસી તો એફ.વાય. આર્ટ્સથી. મનસુખભાઈનાં ગુજરાતીનાં અને ઝાલાસાહેબનાં સંસ્કૃતનાં લેક્ચર્સ અમે ખાસ ભરતા.

હું જુનિયર બી.એ.માં હતો ત્યારે મેં ‘વર્ષાઉત્સવ’ નામનું એક મ્યુઝિકલ ફિચર લખ્યું હતું. સેંટ ઝેવિયર્સ કૉલેજમાં ઝાલાસાહેબ જેના ઍડિટર હતા એમાં એ છપાયું. પહેલાં તો ઝાલાસાહેબ એ વાંચે અને સ્વીકારે એ જ બહુ મહત્ત્વની ઘટના કહેવાય. એટલું જ નહીં એ રેડિયો પર ભજવાયું પણ ખરું. પછી ઝાલાસાહેબે મને બોલાવ્યો અને સેંટ ઝેવિયર્સ કૉલેજનું વૉલ પેપર ‘ગુર્જરી’ એમણે મને સોંપ્યું. મને ખબર નહોતી, પણ ઘણાં વર્ષ પછી કોઈકે મારું

ધ્યાન દોર્યું કે ઝાલાસાહેબે ક્યાંક સેંટ ઝેવિયર્સ કૉલેજના વાર્ષિક મૅગેઝિનમાં એવું લખ્યું'તું કે આ સુરેશ દલાલ છે, તે—He will be a spokesman of Gujarati Poetry. એ કઈ રીતે એમણે લખ્યું હશે, એમણે મારામાં શું જોયું હશે એનો મને ખ્યાલ નથી.

હરીન્દ્રને પહેલી વાર હું સામે ચાલીને મળવા ગયો હતો. 1954ની સાલમાં, 'કવિતા—1953'નું સંપાદન કર્યું ત્યારે. મને એનું એક સૉનેટ ગમી ગયું હતું, એની પરવાનગી લેવા. પછી પુસ્તક આપવા ગયો, ત્યારે મળ્યો. એક અત્યંત મુલાયમ માણસના પરિચયમાં આવ્યાની પ્રતીતિ થઈ. પછી અમે અવારનવાર મળતા. 'જનશક્તિ'માં ત્યારે એ સાહિત્યનું પાનું પણ સંભાળતો. તાજા લખેલા રિવ્યુ વંચાવે. હું ખરેખર હિપ્નોટાઇઝ થયો હોઉં, મારા કૉલેજકાળ દરમ્યાન, તો રાજેન્દ્ર ને નિરંજનની કવિતાથી. 'ધ્વનિ'ના ડાબે પાને કયું કાવ્ય છે અને જમણે પાને કયું કાવ્ય છે, એ પણ મને યાદ. હું રાજેન્દ્રના પ્રેસમાં જતો, કૉફી પીતો અને કવિતાની વાત કરતો. અમારી આ વાતચીતમાંથી જ 'કવિલો'નો પ્રારંભ થયો.

કે.સી. કૉલેજમાં શરૂઆતથી જ હું વિદ્યાર્થીપ્રિય થઈ ગયો. પહેલી વખત બી.એ.ના વર્ગમાં ગયો હતો. નર્વસ હતો, પણ વિદ્યાર્થીઓના ચહેરા જોઈને લાગતું હતું કે હું જે વાત કરું છું તે વાત એમને ગળે ઊતરે છે. પછી તો વિજ્ઞાનના વિદ્યાર્થીઓના મોટા મોટા વર્ગો પણ લીધા. એક જ અઠવાડિયામાં મને સમજ પડી ગઈ કે અધ્યાપનમાં વાંધો નહીં આવે. પૂરેપૂરી નમ્રતા સાથે કહું છું કે હું અત્યંત વિદ્યાર્થીપ્રિય પ્રાધ્યાપક છું. એનું કારણ મને એ લાગે છે કે હું ક્યારેય હોમવર્ક કર્યા વિના ક્યાંય જતો નથી અને સ્મૃતિ એવી છે કે હાથમાં નકશો ન હોય તો પણ ચાલુ પ્રવચને બીજો નકશો પણ ઊઘડતો આવે. Teachers are born, they are not made. હજી સુધી મને વર્ગમાં કે વર્ગની બહાર કોઈ પણ મંચ પર communicationનો પ્રોબ્લેમ નડ્યો નથી. એ જ માણસ સફળ પ્રાધ્યાપક થઈ શકે છે જેના મનમાં અત્યંત સ્પષ્ટતા હોય અને જેની પાસે ઉદ્ગારની સ્વાભાવિકતા હોય.

ઈ.સ. 1953માં મારા ભાઈ અરવિંદનાં લગ્ન હતાં, ત્યારે 'લ્હેરખી' નામની પ્રણયકાવ્યોની પુસ્તિકા સંપાદન કરીને વિનામૂલ્યે વહેંચી હતી. મૂળ તો કાવ્યનો રસ. પછી વાર્ષિક સંપાદનો કરતો ગયો. પરિસ્થિતિ જ એવી ઊભી થઈ કે પ્રકાશન સાથે હું સંકળાતો ગયો. સોમૈયા કૉલેજમાં 'સમિધ' ઇત્યાદિ પુસ્તકો આપ્યાં ને એની સાથે કાર્યક્રમો જોડ્યા. પુસ્તક જોડે કાર્યક્રમ સંકળાય એની મને કલ્પના ન હતી. કાર્યક્રમને લીધે આયોજનમાં સમય જતો અને પ્રજામાં અપેક્ષા બંધાઈ ગઈ. હું કેવી રીતે સંચાલક થયો એ જેમ મને ખબર ન હતી એમ કાર્યક્રમનો યોજક કેવી રીતે થયો એ પણ મને ખબર નથી. હા, એ ખબર છે કે

બહુ ઊંડું ઇન્વૉલ્વમેન્ટ હોય એટલે કાર્યક્રમ કરું ત્યારે ઝીણામાં ઝીણી વિગતમાં રસ લઉં. સાવ નાનકડું વહેણ પૂર થયું અને હું તરતો અને તણાતો ગયો.

સફળતા માણસને રાતોરાત મળતી નથી. શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રમાં જે અનેકવિધ કામ કર્યાં, એના જવાબરૂપે જે કાંઈ મળ્યું, એને લોકો સફળતા કહે છે. જ્યારે મેં કાવ્યનાં સંપાદનો શરૂ કર્યાં ત્યારે મને કદી કલ્પના પણ નહોતી કે મારે હાથે મૌલિક અને સંપાદનને ક્ષેત્રે આટલાં બધાં કાર્યો અને કાર્યક્રમો થશે. જ્યારે મેં લેક્ચરર તરીકે કે.સી. કૉલેજમાં પ્રારંભ કર્યો ત્યારે પણ મને કલ્પના નહોતી કે વિદ્યાર્થીજગતમાં હું આટલો બધો પ્રિય થઈશ. લોકોને તમારી સફળતા દેખાય છે, પણ એની પાછળનાં તપનો બહુ ઓછાને ખ્યાલ હોય છે.

મુંબઈના સાંસ્કૃતિક જગત પર મારી જો કોઈ ગાઢ અસર હોય તો એ છે કે હું કવિતાને અનેક લોકો સુધી લઈ ગયો—કવિતાના ગૌરવને હાનિ ન થાય એ રીતે. મારી વર્ષોની માન્યતા હવે કેટલાક વિદ્વાનો સ્વીકારતા આવે છે કે કવિતાનું જાહેરમાં પઠન થવું જોઈએ. હું કવિસંમેલનનું સંચાલન કરતો હોઉં, કે કવિતા વાંચતો હોઉં કે કાવ્યનો આસ્વાદ કરાવતો હોઉં ત્યારે અનેક ક્ષેત્રના માણસો મને સાંભળવામાં સામેલ થાય છે. નર્યો અને નકરો કવિતાપ્રેમ જ મારી પાસે બધું કરાવે છે. નહીં તો મુંબઈ જેવા શહેરમાં માણસો કવિતા સાંભળવા મોટી સંખ્યામાં ઊમટે નહીં.

કવિ હોવાનો જેટલો આનંદ છે, એનાથી બીજો કોઈ વિશેષ આનંદ નથી. વર્ષોથી લખું છું, એટલે લોકો મને કવિ તરીકે ઓળખે છે. હું જાહેર પ્રવચનો કરું છું એટલે લોકો મને સારા વક્તા તરીકે પણ ઓળખે છે. પ્રવચન સારું જાય અને લોકોને ગમે એ વાત મને પણ ગમે છે; પણ ગમે છે એટલું જ. બહુબહુ તો એનો નશો પ્રવચન પછી દસપંદર મિનિટ ટકતો હશે.

[કવિતા યાદ રાખવાની શક્તિ] એ ઈશ્વરદત્ત શક્તિ છે. સાથે સાથે એમ પણ કહું કે કદાચ માણસમાં પોતાના રસનો વિષય એટલી હદે તીવ્રતાએ પહોંચ્યો હોય કે એ આપોઆપ એનાથી રંગાઈ જાય. મારું એવું થયું છે કે હું એક વાર કવિતા વાંચું કે સાંભળું પછી કદીયે ભૂલું નહીં. હું જ્યારે બીજાની કવિતા વાંચું છું ત્યારે કશુંક બહારનું મારામાં પ્રવેશે છે. મને એમ લાગે છે કે જે બહારનું તત્ત્વ મારામાં લઉં છું તે મારામાં જે અપૂર્ણતા છે, તેને પૂર્ણ કરવા માટે આવે છે અને મારી જે કવિતા છે તે મારામાંથી બહાર નીકળી જાય છે, એટલે પછી મને એમાં રસ રહેતો નથી. હું એમાંથી મુક્ત થઈ ગયો હોઉં છું.

કોરા કાગળનો મુકાબલો કરવો એ જેવીતેવી વાત નથી. પ્રતિભા હોય તો, કહેવાય છે કે એક ચોરસ કાગળના ટુકડામાં આપણે શાશ્વતીને બદ્ધ કરી શકીએ છીએ...

પ્રારંભમાં કવિતા લખાતી હતી ત્યારે હંમેશ એક ઝંખના રહેતી હતી કે આપણી કવિતા છપાય, વંચાય. હજી પણ કવિતા લખું છું અને છાપું છું એનો અર્થ એવો થયો કે કોઈક એને માણે છે. પ્રારંભમાં સામાન્ય રીતે આપણે જેનાથી પ્રભાવિત થયા હોઈએ એનું અનુકરણ થતું હોય છે અને એ સાપ જેમ કાંચળીને ઉતારે એમ ઉતારી નાખીએ તો જ આપણી કલમની ગતિનો કલરવ પ્રગટે. મને જો કોઈ કવિ કહે અને મારી આંખ સામે ઉમાશંકર, નિરંજન હોય, તો મને મારું કવિ તરીકેનું માપ છે. આ માપમાં રહેવું એ જ અમાપ તરફ જવાનો રસ્તો છે, ઉમાશંકરને કોઈ કવિ કહે, તો ઉમાશંકરની આંખ સમક્ષ ટાગોર હોય તો પછી કશી ચિંતા રહેતી નથી. ટાગોરને કોઈએ કવિ કહ્યાં હશે ત્યારે એમની આંખ સમક્ષ કાલિદાસ, વ્યાસ, વાલ્મીકિ હોય એટલું પૂરતું છે.

કવિતાની બાબતમાં અજંપાનો જીવ છું. લખું લખું ને લખતો રહું તો પણ પૂર્ણ સંતોષ કદી ન થાય. આવા અસંતોષ સાથે જીવવું મને ગમે છે. હું ઇચ્છું કે આ બાબતમાં કદીયે ડૅડ ઍન્ડ ન આવે. હું વધુ પડતું લખું છું અને છપાવું છું. જો કે હું માનું છું કે લેખકે લખતા રહેવું જોઈએ. આ લેખન એક રિયાઝ છે. તમે જ્યારે વધુ પડતું લખો ત્યારે શક્ય છે કે પુનરાવર્તન પણ થાય. થાય તો ભલે થાય. એમાંથી પણ પ્રજા સારુંનરસું જુદું તારવી શકશે.

મને ક્યારેક કવિઓની ઈર્ષા થાય છે, પણ એ મીઠી ઈર્ષા છે. કોઈક કાવ્ય ખૂબ જ ગમી જાય, તો મને એમ થાય કે આવું કાવ્ય મેં લખ્યું હોત તો કેટલું સારું. પછી એ કાવ્ય ટાગોરનું કે નિરંજન ભગતનું કે હરીન્દ્ર દવેનું કે રમેશ પારેખનું હોય. આ ઈર્ષા એવી છે કે જેમાં આનંદનો ભાવ છે. અને આપણે જાણીએ છીએ કે ઈર્ષા અને આનંદ એક સાથે નથી હોતાં. આવી પરિસ્થિતિમાં ઈર્ષા અને આનંદ એક સાથે થાય છે. સુરેશ જોષી કે દિગીશ મહેતા કે ગ્રેસના નિબંધ વાંચું ત્યારે મને થાય કે આવું તો હું કદીયે નહીં લખી શકું.

કાવ્યલેખન જેમ કળા છે, તેમ કાવ્યપઠન પણ કળા છે. હું કાવ્ય ક્યાં અને કોની સામે વાંચું છું, એ વાતને સૌ પહેલાં લક્ષમાં રાખું છું. ભરચક મેદની વચ્ચે કાવ્યો વાંચવાનાં હોય, તો મારી કાવ્યની પસંદગી જુદી હોય છે, કારણ કે મેદનીમાં અનેક સ્તરના લોકો હોય છે. એમાં કાવ્યના શોખીનો પણ હોય છે, કાવ્યના સમજુઓ પણ હોય છે. હું એવું પણ માનું છું કે એમાં એક વર્ગ એવો હોય છે કે જે પહેલી જ વાર કવિ અને કાવ્યપદાર્થના પરિચયમાં

આવતો હોય. સામાન્ય રીતે આવી મેદનીમાં હું કટાક્ષકાવ્યો વાંચું છું. શ્રોતાઓ જેમજેમ તમારી આંખમાં અને પાંખમાં આવતાં જાય, પછી હું કંઈક વિશેષ માતબર કૃતિ રજૂ કરું છું. શ્રોતાઓ પર આક્રમણ કરવાને બદલે શ્રોતાઓને કાવ્યપઠનની કળાથી, લયના પ્રવાહથી, અવાજના જાદુથી મારા વશમાં કરું છું. કવિએ ખુલ્લા અવાજે કાવ્યો વાંચવાં જોઈએ. ભાવ પ્રમાણે એમાં આરોહ અવરોહ આવવા જોઈએ. કાવ્યો વાંચતાં પહેલાં વચ્ચે વચ્ચે રસભંગ ન થાય એ રીતે મારી કે અન્ય કવિની કાવ્યપંક્તિઓ કે એ કવિ કે એને લગતી કોઈક વાત પણ કહેતો હોઉં છું. મને સાંભળવા આવેલા શ્રોતાઓ કાવ્યપઠનના કાર્યક્રમ પછી કંઈક સભરતાનો અનુભવ લઈને જાય, એવી મારી ઝંખના હોય છે.

આદર્શ વક્તા હું એને કહું કે હું જ્યારે એને સાંભળું ત્યારે મને એવી પ્રતીતિ મળે કે એ શબ્દને શોધતા નથી, પણ શબ્દ એમને શોધતા આવે છે. કોઈ પણ વક્તા હોમવર્ક કર્યા વિના આવે એ શ્રોતાઓનું ને એમના મૂલ્યવાન સમયનું અપમાન છે. વક્તૃત્વ એ કળા છે અને નૈસર્ગિક બક્ષિસ પણ છે. તમારી વાત જો બીજાં સુધી પહોંચે જ નહીં તો એ વાત કરવાનો કોઈ અર્થ નથી. તમે તમારી વાતને સરળ રીતે, સહજ રીતે, ક્યારેક શૈલીથી, ક્યારેક દૃષ્ટાંતથી, અનિવાર્ય હોય ત્યારે વોઇસના મોડ્યુલેશનથી વહેતી કરી શકો. સારો વક્તા માછલીની જેમ પાણીમાં આસાનીથી તરતો હોય છે. જે માણસ કન્વીકશનથી બોલે છે, એની વાતમાં જીવ આવે છે. જેની પાસે વિચારોની સ્પષ્ટતા નથી હોતી એ માણસની અભિવ્યક્તિ નબળી રહેવાની. અવાજનું પણ એક રૂપ હોય છે. અને એ રૂપ છવાઈ જવું જોઈએ. કેટલાક વક્તાઓનો અવાજ પ્રખર સૂર્ય જેવો હોય છે તો કેટલાકનો અવાજ ચાંદનીની શીતળતાનો અનુભવ આપે છે. મારી રુચિનો સવાલ છે ત્યાં સુધી મને પ્રખર સૂર્ય જેવા આક્રમક વક્તાઓ ગમે છે. ચાંદની જેવા વક્તાઓ તમને ખુરશી પર બેઠા બેઠા વિચારવાની તક અને સુખ આપે છે પણ પેલા વક્તાઓ તમને મીણની જેમ ઓગાળી દે છે અને છૂટા પડો પછી તમે એના વ્યાખ્યાનને નવેસરથી બાંધી શકો છો.

અનુવાદને પણ હું સ્વતંત્ર કળા જેટલું જ મહત્વ આપું છું. કોણ અનુવાદ કરે છે, શાનો અનુવાદ કરે છે એના પર ઘણો આધાર હોય છે. લયબદ્ધ કૃતિનો અનુવાદ જો લયમાં કરવા જતાં કઢંગો થતો હોય તો એ લય જતો કરવો જોઈએ. એમ પણ કહેવાયું છે કે લયબદ્ધ કૃતિનો ગદ્યમાં અનુવાદ કરવો એ મોનાલિસાને મૂછ ઉગાડવા જેવું કામ છે. અનુવાદનો મોટામાં મોટો આનંદ તો એ છે કે તમે, એટલે કે આપણી ચેતના એક સર્જકની સાથે સાથે

ચાલે છે. કોઈકની સાથે ચાલવું એનો અર્થ જ એટલો કે એના લય, તાલ, ભાવ જાળવવા. આપણે કોઈ સાથે પ્રવાસ કરીએ અને થોડીક ક્ષણોમાં — ભલે એ થોડીક ક્ષણો માટે હોય, અને જે પ્રકારની આત્મીયતા કેળવાતી જાય એવી આત્મીયતા મૂળ કૃતિ સાથે જ્યાં સુધી ન જળવાય ત્યાં સુધી અનુવાદ ઉપરછલ્લો રહેવાનો. અનુવાદની પ્રક્રિયા સતત રિયાઝ માગી લે છે. ... અનુવાદનો મોટામાં મોટો ફાયદો એ છે કે તમને પણ ખબર ન પડે એ રીતે તમારી ચેતનાનો વિસ્તાર થાય છે. અનુવાદની સફળતાનો બધો આધાર અનુવાદકની કોઠાસૂઝ ઉપર રહે છે. અનુવાદ કરવાથી અનુવાદક તો સમૃદ્ધ થાય છે, પણ ભાષા પણ સમૃદ્ધ થાય છે.

વ્યક્તિચિત્રો આલેખવાનું મને ગમે છે, કારણ કે માણસમાત્રમાં મને રસ છે. તમને એમ લાગે છે કે મેં ઘણાં વ્યક્તિચિત્રો આલેખ્યાં છે, પણ નહીં આલેખાયેલાં એટલાં બધાં છે કે એનો મને ચિક્કાર વસવસો છે. માણસની મર્યાદા તરફ ધ્યાન દોરવામાં મને રસ નથી. એનામાં શું ઉત્તમ છે એ પામવાનો અને શક્ય હોય તો મારામાં અવતારવાનો મારો પ્રયત્ન રહ્યો હોય છે. હું એવું માનું છું કે પ્રત્યેક માણસમાં ક્યાંક ને ક્યાંક કોઈક સૌંદર્ય રહ્યું છે. આ સૌંદર્ય જો તમે શોધી શકો તો એ ફૂલમાંથી અત્તર પામવા જેવી વાત છે.

મુલાકાત લેવી એ એક કળા છે. મુલાકાત લેનાર પાસે એવું વ્યક્તિત્વ હોવું જોઈએ કે એના સાન્નિધ્યમાં સામી વ્યક્તિ રિલેક્સ થઈ શકે. જવાબ લાંબા હોય તો વાંધો નહીં, પણ સવાલ શક્ય એટલા ટૂંકા ને માર્મિક હોવા જોઈએ. મુલાકાતની એક એથિક્સ પણ છે. તમે સામી વ્યક્તિને ઉઘાડવા જાઓ છો, એને ઉઘાડા પાડવા નથી જતા. ગૂંગળાવી નાખે એવા પ્રશ્નો ન પૂછવા જોઈએ, એવું હું નથી માનતો; પણ એ પૂછવાની કળા અને હિંમત બંને હોવાં જોઈએ, તમારા મનમાં હેતુ સાફ હોવો જોઈએ. તમારે શું જોઈએ છે? વ્યક્તિની આંતરછબી, એની નેગેટિવ કે એનો એક્સ-રે, સામી વ્યક્તિમાં તમે કેટલી હદે શ્રદ્ધા પ્રેરી શકો છો, અને આત્મીયતા કેળવી શકો છો, એનો આધાર પણ તમારા વ્યક્તિત્વ પર હોય છે. મુલાકાત લેતાં પહેલાં એ વ્યક્તિ કયા ક્ષેત્રની છે, એનું શું પ્રદાન છે, એની શી વિશિષ્ટતા અને મર્યાદા છે—આ બધાંનો પૂરતો અભ્યાસ હોવો જોઈએ; જેથી તમે કાઉન્ટર ક્વેશ્ચન પૂછી શકો. આ કાઉન્ટર ક્વેશ્ચન મુલાકાતમાં બહુ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કાઉન્ટર ક્વેશ્ચન તમે શું છો એ

બતાવવા માટે નહીં, પણ સામી વ્યક્તિની કોઈ બિડાયેલી સુગંધ હોય એને પ્રગટ કરવા માટે હોય છે.

કવિતાના આસ્વાદ માટે પસંદ કરેલી કૃતિ कविता હોવી જોઈએ. આ પસંદગીમાં આસ્વાદકની રુચિનો ખ્યાલ આવે છે. સૌથી પ્રથમ અનિવાર્યતા સહૃદયતાની છે. એ કૃતિ એને ભીતરથી જચે, એ કૃતિથી પોતે રંગાયેલો હોય, સર્જકની ચેતનાના સ્તરે જવાની એની પ્હોંચ હોય તો એ સમાનુભૂતિના આનંદને શબ્દોમાં વ્યવસ્થિત રીતે અવતારી શકે. પોતે જે કૃતિનો આસ્વાદ કરાવતો હોય એવી કોઈ કૃતિ કે એનાથી વિરુદ્ધ ભાવની કોઈ કૃતિ એને આસ્વાદ વખતે સહજપણે યાદ આવતી હોય તો એક તુલનાત્મક સંદર્ભ પણ એ આપી શકે. જો કોઈક કાવ્યમાં વિશિષ્ટ ભાષાકર્મ નીપજ્યું હોય તો એના પર પણ અજવાળું પાથરી શકે. અનેક કૃતિના વાચન અને પરિશીલન પછી ભાવક સજ્જ થયો હોય તો એના આસ્વાદમાં કોઈ જુદો જ રંગ દેખાય છે. આસ્વાદ એટલે કૃતિનો સાર નહીં, આસ્વાદ એટલે કાવ્યનો, મધ્યવર્તી વિચાર નહીં, આસ્વાદ એટલે સહૃદયની ચેતનાને કાવ્ય કેટલા ઊંડાણ અને વ્યાપ સાથે સ્પર્શ્યું છે એનો માત્ર તર્કસંગત અહેવાલ નહીં, પણ કાવ્ય દ્વારા ચેતનામાં એ કાવ્ય ફરી પાછું કઈ રીતે સજીવન થયું છે એના આનંદની વાત. નર્યું પૃથક્કરણ નહીં, પણ પારદર્શક સંયોજન. આમાં કેવળ ગુણદોષનાં ખાનાં પાડીને વાત નથી કહેવાની હોતી, પણ એક કૃતિ કેટલી હદે અને શા માટે પોતાને સ્પર્શી ગઈ છે એનાં કારણો આપ્યા પછી પણ કારણોની પાર પોતાના હૃદયમાં જે નવા વિશ્વનો ઉઘાડ થયો છે, એ ઉઘાડનું જેટલું અજવાળું આપી શકે એ એનો આસ્વાદ. આ અજવાળાની લ્હાણીનો આધાર માત્ર કૃતિ પર નહીં પણ સહૃદયની ભાવયિત્રી પ્રતિભા પર પણ છે.

'કવિતા'નું ઉદ્ઘાટન દિલ્હીમાં સાહિત્ય પરિષદ વખતે ઉમાશંકર જોશીએ કર્યું હતું. ત્યારે જગદીશ, હરીન્દ્ર, આશરનો દિલ્હી તાર આવ્યો હતો ને એમાં એવું લખ્યું હતું કે, "Gujarat is exceptionally fortunate that Janma-bhoomi and Suresh Dalal join hands to serve poetry." 'કવિતા'નો તંત્રી થયો. આ તો મારા લોહીમાં છે અને એ કર્યા વિના હું રહી શક્યો જ ન હોત. કોઈક ને કોઈક રીતે મેં આ મારું કાર્ય ચાલુ જ રાખ્યું હોત, પણ સદ્ભાગ્ય એટલું કે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ જેવી સંસ્થા મળી. આજે કોઈ માની ન શકે ને કોઈકને લીજન્ડ લાગે એટલી હદે 'કવિતા'નો ફેલાવો અને ગૌરવ છે.

કોઈ પણ માણસ તંત્રી તરીકે ત્યારે જ સફળ થઈ શકે કે કૉન્શ્યસલી ઓર સબકૉન્શ્યસલી ચોવીસે કલાક ઍડિટર હોય. અંકમાં શું છપાઈ ગયું છે, હવે મારે અંકમાં શું

છાપવું છે અને કયા પ્રકારની મૅટર મને મળે તો સારું... સતત મનમાં સબકૉન્શ્યસલી પણ એ વિચાર ચાલતા હોવા જોઈએ. ...

કાંઈ હંમેશ એવું નથી કે આપણી પાસે સારાં કાવ્યો આવે જ. કોઈક વખત નબળાં કાવ્યો પણ આવે. એટલા માટે મેં દરેક અંકમાં બીજી ભાષાનાં ઉત્તમ કાવ્યોના અનુવાદ આપવાનો પ્રયત્ન કર્યો. કોઈક વખત મૌલિક કાવ્યો એટલાં માતબર ન મળે તો ખાલી જગા કેવળ ભરવા ખાતર ભરી છે એવું ન લાગવું જોઈએ.

હું સોફિસ્ટીકેશનનો માણસ છું. ધોળા કાગળ પર કાળા અક્ષરો છાપવામાં મને રસ નથી, પણ બને એટલી વ્યવસ્થિત રીતે, બને એટલી સુઘડ રીતે છાપવામાં રસ છે. એટલે ‘કવિતા’નું જે બાહ્ય ક્લેવર છે એણે પણ થોડોક ભાગ ભજવ્યો હશે. જેનો યશ દિનેશ દલાલને આપવો જોઈએ.

સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી શાંતિલાલ શાહે કહ્યું’તું કે, ‘મને ઘણાં વરસથી ઇચ્છા હતી કે મારે ‘કવિતા’ જેવું એક મૅગેઝિન શરૂ કરવું છે. ત્યારે મને ઉમાશંકર જોશીએ કહ્યું’તું કે તમારે જો મૅગેઝિન કાઢવું હોય અને ચલાવવું હોય તો સુરેશ દલાલને સોંપજો.’ મને હજી સુધી ઉમાશંકર જોશીએ ક્યારેય આ વાત કહી નથી. કોઈને માટે કરેલું હોય એ ન કહેવામાં ખાનદાનીનો અનુભવ થાય છે.

હવે બીજો પ્રશ્ન એ છે કે તંત્રી તરીકે ચાલુ રહેવાના ક્યાં કારણો છે? તો હું એમ કહું કે સૌથી પહેલું કારણ એ છે કે સર્જાતી ચેતના સાથે સતત સંપર્કમાં રહેવું એનાથી મોટું સદ્ભાગ્ય કોઈ નથી. અને મને સૌથી વધારે આનંદ નવા કવિની કવિતા સરસ લાગે ને એ છાપું છું ત્યારે થાય છે. એક નવી ટેલન્ટને સર્ચ કરવાનો, એને પાના પર ધબકતી કરવાનો એક મોકો મળે છે એ બહુ મોટો આનંદ છે. હું કદાચ કવિતા વિના રહી જ ન શકું. મને હંમેશ એમ લાગે છે કે તમે કવર ફોડો અને ઓચિંતુ કોઈનું લય-છલકતું ગીત વાંચવા મળે, કોઈકનું અત્યંત સરસ છંદોબદ્ધ કે અછાંદસ કાવ્ય વાંચવા મળે એનાથી વધારે ધન્યતા કઈ હોઈ શકે? હું તંત્રી તરીકે તો કદાચ કોઈ ને કોઈ નિમિત્તે ક્યાંક ને ક્યાંક રહીશ જ.

હું એમ માનું છું કે ‘મારી બારીએથી’ની કટારે મને ઉઘાડ આપવામાં ઘણી મદદ કરી છે. એને માટે મારે હરીન્દ્રનો આભાર માનવો જોઈએ. જ્યારે મને વાત કરવામાં આવી કે મારે જન્મભૂમિ તરફથી કંઈક લખવાનું થશે ત્યારે મેં સાહિત્યની કટારનો આગ્રહ રાખેલો. હરીન્દ્ર મારા નિકટના પરિચયમાં હોવાથી એણે મને કહ્યું હતું કે તને ખબર નથી કે તારી પાસે કેટલું

બધું પડ્યું છે. એક રીતે સારું થયું કે હું કોઈ પણ વિષય પર લખતો થયો. અને બીજું એ છે કે હું એટલો બધો કવિતામય હતો કે ગદ્ય જાણે કે મારા હાથની વસ્તુ નહોતી, એવો કોઈક અનાત્મવિશ્વાસ કેળવ્યો હતો એવું તો હું નહીં કહું પણ મેં કોઈ દિવસ એ બાજુનો વિચાર જ નહોતો કર્યો. અને હું માનું છું કે ‘મારી બારીએથી’ એ અનેક રીતે મને પ્રગટ કરનારી વસ્તુ છે. મારી નગરજીવનની મથામણો એ તો ઠીક, પણ એક રીતે ‘મારી બારીએથી’ એ મારી વાચનકથાની આત્મકથા છે.

મારા જેવો માણસ, જ્યાં સુધી તકાજો થાય નહીં ત્યાં સુધી લખે નહીં. એટલે ‘મારી બારીએથી’એ મને ઘણી બધી મદદ કરી છે. દર અઠવાડિયે આટલાં વર્ષોથી લખવું એ બહુ મોટો પડકાર છે. એવું બને કે તમે સતત લખતા હો એટલે તમારી કેટલીક લઢણો થઈ જાય, પણ જો થોડાક સભાન હો તો તમે એને અતિક્રમી જઈ શકો. બીજું એ છે કે દર અઠવાડિયે you are compelled to think or feel about something. નહીંતર તો એવું બને છે કે તમે જે વાંચેલું વિચારેલું હોય છે તે થોડુંક વાતોમાં વેરાઈ જાય છે. મને લખવાનું છે એનાથી ગૂંગળામણ થતી જ નથી. કારણ કે આખા અઠવાડિયામાં હું એટલા બધા લોકોને મળું છું, એટલી બધી કવિતાના પરિચયમાં રહું છું, એટલાં બધાં પુસ્તકો સાથે નાતો કેળવું છું, કે મારે હંમેશાં કંઈક ને કંઈક વ્યક્ત કરવાનું હોય જ છે. સાહિત્યિક ગુણવત્તા પર અસર થાય એમ તો હું માનતો નથી કારણકે મોટે ભાગે સાહિત્યકૃતિઓની એક યા બીજા સ્વરૂપે ચર્ચા કરતો હોઉં છું અને હું સાહિત્ય અને જીવનને બહુ અલગ માનતો નથી એટલે જ્યારે હું કોઈ જીવનની વાત કરતો હોઉં છું ત્યારે પણ એ બહુ જ આડકતરી રીતે મારા સાહિત્યસર્જનને ઉપકારક થાય છે.

અને ‘મારી બારીએથી’નો મોટામાં મોટો ફાયદો એ છે કે એકસાથે ક્લાસ અને માસ બંનેને અપીલ કરી શકે એવું લખવાનો મારો ઇરાદો હોય છે. અને હું લખું છું ત્યારે મને ખ્યાલ હોય છે કે એને સાહિત્યકાર પણ વાંચે છે અને કોઈ વડગાદીનો વેપારી પણ વાંચે છે. જ્યારે જુદા જુદા પ્રતિભાવો, પ્રત્યાઘાતો જાણવા મળે છે ત્યારે આપણને ખ્યાલ આવે છે કે લખાયેલા શબ્દ કયાં ક્યાં પહોંચે છે.

મને ‘મારી બારીએથી’નો સૌથી વધુ હૃદયસ્પર્શી એવો પ્રસંગ યાદ છે. એને હું મારા જીવનની ધન્યતા કહું છું. મારા પર એક માણસનો અમદાવાદથી કાગળ આવ્યો હતો. આખા કાગળનું મંતવ્ય એ હતું કે સારું થયું, મેં તમારો લેખ વાંચ્યો. હું આત્મહત્યા કરવાનો હતો ને બચી ગયો. કોઈ પણ માણસના જીવનમાં હું આમ નિમિત્ત થાઉં એ સાર્થકતા છે.

કેટલાક વાચકો સામે ચાલીને આ બે કૉલમ ['મારી બારીએથી' અને 'ઝલક']ની વાતો કરે છે. 'ઝલક' દ્વારા કદાચ હું સામાજિક સેવા કરું છું કારણ કે મને અનેક લોકો અવારનવાર કહેતા રહ્યા છે કે 'ઝલક' દ્વારા અમને પારાવાર આશ્વાસન અને બળ મળે છે. જીવન પ્રત્યેનો અમારો અભિગમ સ્પષ્ટ અને સ્વચ્છ થાય છે. કવિતા મારા આનંદ માટે લખું છું. એ દ્વારા હું સમાજની સેવા કરતો હોઉં એવું માનતો નથી. અલબત્ત, મારી કવિતાથી કોઈને આનંદ થાય એને હું આનંદ જ માનું છું, સેવા માનતો નથી. મારો જીવ કવિતાનો છે. કવિતા લખવામાં કે કાવ્યનો આસ્વાદ કરાવવામાં જેટલો આનંદ આવે, એટલો બીજામાં ન આવે. જે કાંઈ નિબંધો લખ્યા છે તે મોટેભાગે 'મારી બારીએથી'ને નિમિત્તે.

ઇમેજ પબ્લિકેશન્સ શરૂ કર્યું ત્યારે પુસ્તકો વિશેના એક વાક્યની તલાશમાં હતો અને દિનેશ દલાલ એક સુંદર પંક્તિ લઈ આવ્યા : Books are windows to the world. વિશ્વ તરફ ખૂલતી બારી એટલે પુસ્તકો.

સંતાનના જન્મ જેટલો જ મહત્ત્વનો જો કોઈ ઉત્સવ હોય તો તે ઉત્તમ પુસ્તકના ઉત્તમ રીતે થયેલા પ્રકાશનનો. ઉત્તમ રીતમાં બધું જ આવી જાય. પુસ્તકની સાઇઝ, પુસ્તકનું કવર પેજ, બે પૂંઠાં વચ્ચેના કાગળની સફાઈ, સુઘડ મુદ્રણ, પુસ્તકના લે-આઉટ્સ... પુસ્તકની આદિથી અંત સુધીની સજાવટ. પુસ્તકનો વિષય, આશય અને એની અભિવ્યક્તિ બધું જ સભર સઘન અને વહનશીલ હોવું જોઈએ. માણસની જેમ પુસ્તકને પણ એનું વ્યક્તિત્વ હોય છે. આ વ્યક્તિત્વ એવું હોવું જોઈએ કે પુસ્તકને જોતાંવેંત પુસ્તકના વિવિધ વિષયપ્રેમીઓને પુસ્તક સાથે ઘરોબો કેળવવાનું આપમેળે મન થાય. ઉત્તમ પુસ્તક એ શતાબ્દીઓ સુધી ઊજવવાનો અનંત ઉત્સવ છે. આ ઓચ્છવમાં જેટલા વાચકો જોડાય એટલો એનો ઓચ્છવ વિશેષ દીપી ઊઠે.

ઈ.સ. 1953માં મારા ભાઈ અરવિંદના લગ્ન હતાં, ત્યારે 'લ્હેરખી' નામની પ્રણયકાવ્યોની પુસ્તિકા સંપાદન કરીને વિનામૂલ્યે વહેંચી હતી. પછી વાર્ષિક સંપાદનો કરતો ગયો. પરિસ્થિતિ જ એવી ઊભી થઈ કે પ્રકાશન સાથે હું સંકળાતો ગયો. એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં અનેક પુસ્તકો કર્યા. ચીમનલાલ લિટરરી ટ્રસ્ટ અને ગુજરાત સાહિત્ય અકાદમી સાથે પણ સંકળાયો આ ગાળામાં 'મિહિકા' અને 'ઇમેજ પબ્લિકેશન્સ' પણ ઊભાં કર્યાં.

ઇમેજ પબ્લિકેશન્સથી મારી પ્રવૃત્તિને જુદો આકાર મળ્યો. આ બધું હું એકલે હાથે કરતો હતો. મારી આ પ્રવૃત્તિને કલ્લોલિનીબહેન હઝરત એક માણસનો કાફલો કહીને બિરદાવતાં હતાં. પછી તો એની સાથે નવીનભાઈ દવે, ગોપાળ દવે, ઉત્પલ ભાયાણી, મહેશ દવે, અપૂર્વ આશર અને હિતેન આનંદપરા સક્રિય રીતે સંકળાયા.

ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.માંથી ઇમેજ બુક કલ્ચર ટ્રસ્ટ ઊભું થયું. એને કારણે કેટલાય શુભેચ્છકો સંકળાયા. દીવામાંથી દીવો પ્રગટે એમ પ્રવૃત્તિઓ થતી રહી. એક બાજુ મારો શોખ પણ સચવાયો અને પુસ્તકદાન યોજના નિમિત્તે સામાજિક સેવા કરવામાં પણ નિમિત્ત થવાયું.

મને કોઈ પૂછે કે ઇમેજ પબ્લિકેશન્સ એટલે શું? તો મારો એક જ જવાબ છે — ઇમેજ મારી વૃદ્ધાવસ્થાનું રામરમકડું છે.

આપણે જે કંઈ છીએ એ આપણે જ કારણે છીએ એવું માનવાની જરૂર નથી. જાણેઅજાણ્યે કેટલાય જાણીતા અને અજાણ્યા મિત્રો અને શત્રુઓએ આપણા ઘડતરમાં ભાગ ભજવ્યો છે અને મારા જેવો કોઈ ભાગ્યવાન હોય એની પડખે ભગવાન બેઠો છે એની પ્રતીતિ મને મારા ગુરુ નાથાભાઈ જોશી દ્વારા સતત મળતી રહી છે. ભાઈ, ભાભી, કુટુંબ અને મિત્રોની બાબતમાં મારા જેવો નસીબદાર માણસ કોઈક જ હશે.

'મારી બારીએથી'માંથી સંકલિત

મને યાદ છે ત્યાં સુધી હરીન્દ્ર દવે, જગદીશ જોષી, સુન્દરમ્, મકરંદ દવે, મનસુખલાલ ઝવેરી એમણે [મારા વિશે] કાવ્યો લખ્યાં છે. મનસુખલાલ ઝવેરીએ તો પોતાનું 'કાવ્યસુષમા' આપ્યું ત્યારે ચાર પંક્તિ લખી આપી હતી :

હરીન્દ્ર દવે એક જમાનામાં મારી દરેક વર્ષગાંઠે એક એક સૉનેટ લખી આપતો; જેમાં સામાન્ય રીતે મારે માટેની પ્રાર્થના હોય. એમાંનું એક આપું છું. અને બીજા કાવ્યો પણ આપું છું :

## દોસ્ત

*...*

*'વિકસિત થતાં શૈલશિખર'ની કેડીઓ પર*
*ગુલાબી પગલાં પાડનાર*

*કવિતાના બંદા!*
*કેટલીયે દુનિયામાં ડોકિયાં કરવાનું*
*હજીયે બાકી છે*
*અમારે*
*દોસ્ત તારી આંખે!*

**જગદીશ જોષી**

## સુરેશ-ગતિ

*સુરેશે સું સાધ્યું? નયન પર ચશ્માં ગજબનાં*
*ચડાવી, શી દૃષ્ટિ ક્યહીં ક્યહીં કશી પ્રેરી જ રહ્યો,*
*ગયો એ ક્યાં ના ના? જન જન ઉરે એ જઈ ખડો.*
*ટકોરા દેતો કૈં, નમન કરતો એ લળી લળી.*

*અને બાંધી લાવ્યો ગગન થકી કૈં બાથ ભરીને*
*કશા રંગો, કેવા પવન, નભનાં વાદળ કશાં,*
*અને રોપી નીચે સુરસદનનાં બીજ કંઈ કૈં,*
*રહ્યો તે સંવર્ધી બહુ જતનથી સિંચન કરી.*

*હવે એને ઊંચો કરશું ક્યમ્ એ ઝૂકી ઢળતો*
*બન્યો વાંકી કેડે બસ નિરખતો મિટ્ટી કણને,*
*ઘણું વીણી વીણી નિજ લઈ ભરે ઝોળી, સહુને*
*કહે : માગે : આપો ઘણું ઘણું, રચી દેઉં 'કવિતા'*

*ભમતો ભૂગર્ભે બહુ બહુ, પડી એ સ્થિર થશે,*
*સમાધિ સાધી એ અકથન કથા પૂર્ણ કથશે.*

**સુન્દરમ્**

*મૈત્રીના સૂર્યને ક્યાંય રાત્રિ નથી*

**હરીન્દ્ર દવે**

*કિસમ કિસમનાં અત્તર,*
*લો જી, કિસમ કિસમનાં અત્તર.*
*બંબઈસે અત્તરિયો આયો,*
*લાયો સુગંધ સત્તર—*
*લો જી, કિસમ કિસમનાં અત્તર.*

*ગુલાબ જૂઈ, ચમેલી, હીના,*
*બાબુ, ખુશ્બૂદાર પસીના*
*હો જાએ, ના કુચ્છ કમીના,*
*મહક મહક લહરાયે કપડાં*
*રેશમ હો યા ખદ્દર—*
*લોજી, કિસમ કિસમનાં અત્તર.*

*લો, આ ચીજ, લગાઓ ફાયો,*
*હાં, તો બાત કરો! મન ભાયો?*
*અજી, વાહ મુખડો મલકાયો!*
*જ્યાં જાશો ત્યાં પડશે જનાબ,*
*અપનો રૂઆબ જબ્બર—*
*લો જી, કિસમ કિસમનાં અત્તર.*

*અચ્છા, લઉં સામાન સમેટી,*
*ખભે લઈ સુખડની પેટી,*
*ચલું, મજલ છે મારી છેટી,*

*સલામ! સાહબ, તમ પર હો,*
*ખુશહાલ ખુદાનું છત્તર*
*લો જી, કિસમ કિસમનાં અત્તર.*

મકરંદ દવે

હું ઉઠમણાનો નહીં, પણ જલસાનો માણસ છું. જે થોડીક ક્ષણો મળી એ માણસે બને એટલી પૂર્ણતાથી જીવી લેવી જોઈએ.

બહાર જે સુરેશ દેખાય છે, એની અંદર એક બીજો સુરેશ છે જેનું જતન હું પોતે કરું છું. મળું છું બધાંને, પણ સતત મળતો રહું છું કોઈકને જ. અને કેટલાકને સતત મળું છું, એ પછી પણ, જ્યાં સુધી હું મને પોતાને મળતો નથી, ત્યાં સુધી મને ચેન પડતું નથી. મારા વ્યક્તિત્વમાં આ એક કોન્ટ્રાડિકશન છે. I can not live without my friedns at the same time I realize that there can not be a better friend to me than myself.

હું કોઈને પણ મળતો હોઉં છું ત્યારે ભીતરથી કશુંક સર્જન માટે સંચિત થતું જ હોય છે અને આવું કશુંક સંચિત થાય એટલા માટે મળું છું, એવું પણ નહીં માનતા. હું જિંદગીને વધુ પડતી સીરિયસલી લેવામાં જરાયે માનતો નથી. મારે એક માણસને મળવાનું હોય અને એક પુસ્તકને મળવાનું હોય—અને તમે જાણો છો કે પુસ્તકને માટે કેટલો બધો પક્ષપાત છે, છતાંય હું પુસ્તકને મળવાનું જતું કરીશ, પણ માણસને મળવાનું નહીં ટાળું.

મને મિત્રોથી વીંટળાયેલા રહેવું ગમે છે. મૈત્રી એ મારો મોગલગાર્ડન છે. એવું કેમ માની લીધું કે મિત્રોથી વીંટળાઉં છે એટલે અંદરથી જરા પણ એકલો નથી? એ પણ સાચું ન હોઈ શકે કે સાવ એકલો ન પડી જાઉં એટલે પણ મિત્રોથી વીંટળાતો હોઈશ? મને પોતાને બેચાર દિવસ સાવ એકલા રહેવું ગમે, પણ હું પુસ્તકો વિના એકલો ન રહી શકું. પુસ્તકો અથવા તો લખવા માટે મારી પાસે થોડાક કોરા કાગળ હોવા જોઈએ.

મને તદ્દન શાંત જીવન નથી ગમતું. પ્રવૃત્તિઓ પછીની શાંતિ ગમે છે. હું સક્રિયતાનો જીવ છું, નિષ્ક્રિયતાનો નહીં. શાંતિ પણ સક્રિય હોય છે એનો મને અનુભવ છે, પણ મને સ્મશાનની શાંતિમાં રસ નથી; અનેક પ્રવૃત્તિઓના ઉદ્યાનની વચ્ચે શાંતિનો મારો મનગમતો મંડપ હું એકલો શોધી લઉં છું. વાચન અને સંગીત હું ઍન્જોય કરી શકું છું; પણ એ ઍન્જોયમેન્ટ પછી મારી વાત હું કહું નહીં ત્યાં સુધી મને મજા ન આવે. મને ખડક જેવા નકરા એકાંતમાં રસ નથી; પણ પ્રવૃત્તિઓના ધૂઘવતા સમુદ્રની વચ્ચે મને એકાંતનો ખડક મળે એમાં રસ છે.

સ્વયં જીવન એ મારું જીવનમૂલ્ય. જીવનથી કશું પણ મારે મન મહત્ત્વનું કે પવિત્ર નથી. કોઈ પણ વાત એવી હોય કે જેમાં વાત કે વિચાર મહાન હોય, પણ જો એમાં જીવનની બાદબાકી થતી હોય તો મારે માટે એ મહાન નથી.

પોતાના અવગુણને ઓળખવા અને ઓળંગવા, બીજાના ગુણને પારખવા ને અવગુણને જવા દેવા, એના પર જ ફ્લડલાઈટ ન ફેંક્યા કરવી એને હું સદ્ગુણ કહું છું. સદ્ગુણ એ માણસનો સંસ્કાર છે. એ જન્મદત્ત અને કર્મદત્ત છે. ઉમાશંકરની એક પંક્તિ મને બહુ ગમે છે. 'તમે મને ધિક્કારવાની ફરજ નહીં પાડી શકો.' હું દુશ્મનાવટ નથી રાખતો, પણ દુશ્મનોનો અંદાજ મારી પાસે હોય છે. I don't misbehave with others because I have to behave with myself.

મારી મોટામાં મોટી મર્યાદા મારી વધુ પડતી લાગણીશીલતા છે. આમાં ખતરનાક 'વધુ પડતી' છે એ હું બુદ્ધિથી સમજું છું, પણ મારા પર મારું હૃદય જેટલી સત્તા ભોગવે છે, એટલી બુદ્ધિ નહીં, ને એને હું મારી મર્યાદા ગણું છું. મને મારી બીજી મર્યાદા એ લાગે છે કે હું વાતોનો જીવ છું. કોઈક જોડે વાત ન કરું તો મને ચેન ન પડે. હું બોલતો હોઉં ત્યારે બીજાએ બોલવા માટે લાઇનમાં ઊભા રહેવું પડે એવું પણ મને લાગે. વાત કરું છું ત્યાં સુધી બરાબર છે; પણ વાતોડિયો થઈ જાઉં છું, એ મારી મર્યાદા છે.

હું માણસો પર બહુ સહેલાઈથી ભરોસો મૂકી દઉં છું, એ મારી મોટામાં મોટી મૂર્ખાઈ છે. ભરોસો ન મૂકવા કરતાં મૂરખ થવું મને પસંદ છે. ઉમાશંકરની એક પંક્તિ મને બહુ સ્પર્શી ગઈ છે કે આપણે આ જગતમાં મૂર્ખ અને ધૂર્ત બંનેને નિભાવવાના છે. અને હું માનું છું કે મૂર્ખ અને ધૂર્ત એ બંને આપણી બહાર નથી હોતા, અંદર જ હોય છે. મારા સ્વભાવ પ્રમાણે મેં મારી મૂર્ખાઈઓમાંથી આનંદ જ લૂંટ્યો છે.

મારી મોટામાં મોટી વિસંગતિ એ છે કે હું બુદ્ધિપૂર્વક વિચારું છું અને લાગણીપૂર્વક વર્તું છું. હું વ્યવસ્થાનો આગ્રહી છું અને હું પોતે પૂરેપૂરો વ્યવસ્થિત નથી. વિસંગતિ અને વિરોધો માણસ માત્રમાં હોય છે અને એની તો મજા છે. આ વિરોધોની વચ્ચે સંવાદ કેમ જાળવવો એ મનુષ્યોના અનેક પુરુષાર્થોમાંનો એક છે.

આપણા અહમ્‌ને માપમાં રાખવા માટે પણ મુંબઈ પૂરતું છે. કોઈ પણ ક્ષેત્ર અહીં એવું નહીં હોય કે જેમાં શેરને માથે સવાશેર ન હોય. મુંબઈ માટેનો પક્ષપાત અહીં જ રહ્યો છું એને કારણે પણ હોય. શહેરની પણ માણસને ટેવ પડી જતી હશે. મુંબઈ મારી આદત છે. મને મુંબઈ વિના ચેન ન પડે. મુંબઈમાં મારાં મૂળિયાં છે, મારા સંબંધો છે. મારું પોતાનું એક વાતાવરણ છે, હું મુંબઈની માછલી છું. ક્યારેક થાક લાગે ત્યારે બીજે જવાનું મન થાય, પણ

બીજે ગયા પછી જીવ તો અહીં જ રહે. પહેલાંનું મુંબઈ નથી રહ્યું, એટલે મુંબઈ માટે ક્યારેક ધિક્કાર આવે છે, બાકી મુંબઈમાં રહેલાને બીજે ક્યાંય ચેન ન પડે.

હું આટલા બધાં કામ કરી શકું છું, એનું એક કારણ એ પણ છે કે હું ડી-સેન્ટ્રલાઇઝેશનમાં માનું છું. મને એક વખત વ્યક્તિ પર ભરોસો બેસી જાય પછી હું એને કામ સોંપી દઉં, અને એ મને પૂછે તો મારો અભિપ્રાય આપું, પણ એમાં દખલ ન કરું. મારો અભિપ્રાય આપ્યા પછી, મારો એવો આગ્રહ નથી હોતો કે એ વ્યક્તિએ મારા અભિપ્રાયને મહત્ત્વ આપવું. પણ જ્યાં મને એમ લાગે કે આ તો નહીં જ ચાલે, ત્યાં I put my foot down.

એક્વેરિયમની માછલી થવા કરતાં દરિયાની માછલી થવામાં મને વધુ રસ છે. કોઈ પણ યોજના વિચારું છું ત્યારે એ વાસ્તવિક છે કે નહીં, એના પર જ મારો ભાર હોય છે. જે ઘડીએ મને એમ લાગે કે આ વાસ્તવિક નથી, એક તરંગ છે, ત્યારે હું એને ફેંકી દઉં છું કોઈ પણ પ્રકારના વસવસા વિના. સત્તા મને શોખને માટે નથી જોઈતી, ધ્યેયને માટે જોઈએ છે. પુસ્તક પ્રકાશનક્ષેત્રે પણ જો મને પૂરતી સત્તા ન મળે તો હું ચલાવું નહીં. સત્તાનો મારે મન એક જ અર્થ છે કે મારા કાર્યક્ષેત્રમાં સ્વતંત્રતા. અને આ અર્થમાં હું સત્તાનો આગ્રહી છું.

જીવનના અભિગમમાં જો કોઈ પ્રભાવ હોય તો તે જે. કૃષ્ણમૂર્તિ અને શ્રી નાથાભાઈ જોશીનો.

પ્રાર્થના ઈશ્વર તરફ જવાનો રસ્તો છે. અને ઉત્તમ કક્ષાએ એ ઈશ્વર સાથેની વાતચીત છે. પ્રાર્થનાની ગતિ તીરની જેમ ઈશ્વર તરફ તો જ જઈ શકે જો મનની અત્યંત શાંત અવસ્થા હોય. મનની આ શાંત અવસ્થા એટલે શું? કોઈ ઇચ્છા નહીં, કોઈ માગણી નહીં, યાચના નહીં, કોઈ સ્વાર્થ નહીં. લોભલાલચ કે વૈયક્તિક હિત કે હેતુ નહીં. આ બધું જ શમી જાય અને મન સાવ શાંત હોય, એટલી હદે કે એની નીરવતાનો પણ રવ ન હોય, ત્યારે કદાચ પ્રાર્થના પ્રગટે. અને એ પ્રાર્થનાનું પ્રગટીકરણ શબ્દરૂપે નહીં, પણ મૌનરૂપે હોય. હું ઈશ્વરમાં માનું છું એટલે આવી કોઈક પરમ શક્તિ છે એમાં માનું છું. નિરાકાર ઈશ્વરને માણસે આકાર આપ્યો છે તે કદાચ ચંચળ મનને કેન્દ્રિત કરવા, આ ઈશ્વર પ્રકૃતિમાં દૃશ્યરૂપે છે અને અદૃશ્યરૂપે પણ છે. હું નથી માનતો કે આ સૃષ્ટિનું સંચાલન કોઈ પરમ શક્તિ વિના થઈ શકે. સ્વપીડનમાં મને રસ નથી. ચિંતા કરવા કરતાં પ્રાર્થના કરવાનું વધુ ગમે.

સુશીની સહનશક્તિ ગજબની છે. સામા માણસને છેવટે ભોંઠા પાડી દે એવી. સુશી સામે મારી એક જ ફરિયાદ છે; —કદાચ બધા જ સફળ પુરુષોની આવી ડિમાન્ડ રહેતી પણ હશે— She tries to behave like a mother and not like a friend. હું એને મજાકમાં કહું છું કે મારે મારા ઘરમાં મધર ટેરેસા નથી જોઈતી. બે દીકરીઓ, નિયતિ અને મિતાલી. 'સ્પેશિયલ ફિલિંગ્સ'નો સવાલ જ નથી આવતો. એમ કહી શકું કે મિતાલી સાથે મને સ્પેશિયલ કમ્યૂનિકેશન છે. એનો અર્થ એવો નહીં કે નિયતિ સાથે નથી. બંનેની વય અને રસ અને રુચિ અને બંનેનો મેક-અપ તદ્દન જુદો છે. બંનેને મારી સાથે વાત કર્યા વિના ચેન ન પડે. સુશી સંતોષી ને સમજદાર છે. એની અપેક્ષા! ઓછામાં ઓછી છે, કદાચ નહિવત્. નિયતિ, મિતાલી, સુનીલ જોડે ખાસ્સું કમ્યુનિકેશન. નિયતિ, મિતાલી, કેતન કે ઉષ્મા અમારે ત્યાં સંતાનો વચ્ચે કોઈ ભેદ નહીં.

હું મારા બધા જ મિત્રોની વાત કરું તો આખી મિત્રસંહિતા ઉભી થાય, પણ જેમનું નામ નથી દેતો એ કાંઈ મિત્રો તરીકે ઓછા છે એવું નથી. છતાં પણ કેટલાકને અહીં યાદ કરી લઉં... જગદીશ, હરીન્દ્ર, આશર, ઉત્પલ, કિશોર શાહ, દિનેશ દલાલ, જયા મહેતા, પન્ના-નિકુલ નાયક, મધુરીબહેન, કમલિનીબહેન ભણસાલી, શકુંતલાબહેન, ભાનુબહેન, ઉષાબહેન ઠક્કર, કલ્લોલિની હઝરત, નટવર ગાંધી, ભાયાણીસાહેબ, ચુનીલાલ મડિયા, મહેશ દવે... આમ કેટલાયે વિશે લખવું છે, પણ એ તો ફુરસદ મળે ત્યારે.

મૈત્રી વિશે હમણાં એક સરસ અવતરણ વાંચ્યું: દરેક માણસ પાસે એક નાનકડું કબ્રસ્તાન હોવું જોઈએ, જેમાં એ દોસ્તોના દોષોને દાટી શકે. મારા દોષને પણ નિભાવતા મારા મિત્રોનો હું સદાનો ઋણી છું.

*અમને માયા લગાડીને, છાયા ઉઠાવીને*
*મનગમતો માણસ એક ચાલ્યો ગયો.*

*લય-તાલે ઝૂલતો, સરવર જેમ ખૂલતો*
*ગુનગુનતો માણસ એક ચાલ્યો ગયો.*

*સ્મિત ભીનું મૂકીને, આંસુઓ લૂંટીને*
*હણહણતો માણસ એક ચાલ્યો ગયો.*

*રણઝણતા ગીત મહીં, પાગલ આ પ્રીત અહીં*
*થનગનતો માણસ એક ચાલ્યો ગયો.*

તરાપો **(1995)**

*મારું શૈશવ લીલુંછમ વૃક્ષ*
*આરસના સિંહ મારું શૈશવ;*
*મારું શૈશવ ફૂવાની ભીની આંખ*
*હોજના ઊડતા ફુવારા મારું શૈશવ.*

*મેં અર્ધી ચડ્ડી ઉતારી નાખી*
*અને વાઘા પ્હેરી લીધા*
*આખા શહેરના.*

*હવે મારું યૌવન; યૌવન પછીનો કાળ*
*કૉલેજ, ફેક્ટરી, ડિપાર્ટમેન્ટલ સ્ટોર,*
*ઑનરશીપનો ફ્લેટ, બ્લડપ્રેસર, ડાયાબિટીસ...*
*છેવટે ક્યાંક, ક્યારેક સ્મશાન.*

*બાળવા માટે લાકડાં આપવા તૈયાર*
*શૈશવનું લીલુંછમ વૃક્ષ.*

હથેળીમાં બ્રહ્માંડ **(1987)**

*આ અનિશ્ચિત જગતમાં કવિતા ન હતે તો મારું શું થતે?*
*મને સ્હેજ પણ નિરાધાર બનાવ્યા વિના કોણ હતે મારો સુવર્ણસ્તંભ?*
*કોણે જાળવી હોત મારી નજાકતને અને કોણ કરોડરજ્જુ થઈને ઊભું હોત*
*મારા અડગ ખડકપણાની પાછળ સતત સ્વમાની સપનાની સાથે?*

*સારું થયું કે રસ્તે જતાં એક શબ્દ મળ્યો અને એ શબ્દની*
*પાછળ પાછળ કૈં કેટલાંયે મૌનગર્ભિત શબ્દોના અણસારા.*

*મને ખબર ન પડે એમ મારી માટીમાં એક બીજ વવાયું*
*અને એના છટાદાર જવાબરૂપે મળ્યું ઘટાદાર ગીત.*

*હું આસપાસ જોયા કરું છું લયની એક હરીભરી સૃષ્ટિ.*
*તરે છે છંદના, અછાંદસના માનસરોવરમાં હંસ.*
*કંસની સૃષ્ટિથી ઊગરી ગયેલી કુબ્જા જેવી જિંદગી*
*મને કૃષ્ણને સ્પર્શે સદાયે રુડીરૂપાળી લાગ્યા કરે છે.*

*લાવણ્યમયી જિંદગીને આનાથી વધારે જોઈએ પણ શું?*
*અને જોઈએ તો પણ કવિતાના શબ્દ વિના આપવાની કોની તાકાત છે?*

**દૃશ્ય-અદૃશ્ય (25-6-2008)**

*હું કાવ્ય લખું છું ત્યારે*
*મારા મનમાં રમતો ભાવ હોય છે*
*તરતો લય હોય છે*
*છલકતો છંદ હોય છે*
*એને હું*
*શબ્દના હાવભાવ આપું છું*
*કવિતા લખવી*
*એ પણ એક પ્રકારનો*
*અનુવાદ છે.*
*એની મૂળ કૃતિ તો*
*પ્રગટ થઈને પણ*
*અપ્રગટ રહે છે*
*સર્જકના ચિત્તમાં.*

*હું કોઈક એક કવિના*
*કાવ્યનો અનુવાદ કરું છું*
*ત્યારે હું પ્રવેશું છું*

*એના નોખા અનોખા વિશ્વમાં*
*અને એની આબોહવામાં*
*જીવવાનો પ્રયત્ન કરું છું.*
*શ્વાસમાં બધું ઊંડે ઊતરી જાય, પછી*
*હું મારી ભાષાના શબ્દોને*
*મારી ખૂબ નિકટ બોલાવું છું*
*અને કહું છું*
*કે તમે પણ*
*આ આબોહવામાં જીવતા થઈને*
*તમારા સહજ હાવભાવ પ્રગટ કરો.*

**હું તને લખું છું (1-8-1988)**

## મેરે પિયા!

*મેરે પિયા મૈં કછુ નહીં જાનૂં,*
*મૈં તો ચુપચુપ ચાહ રહી.*

*મેરે પિયા, તુમ કિતને સુહાવન,*
*તુમ બરસો જિમ મેહા સાવન,*
*મૈં તો ચુપચુપ નાહ રહી.*

*મેરે પિયા તુમ અમર સુહાગી,*
*તુમ પાયે મૈં બહુ બડભાગી.*
*મૈં તો પલ પલ બ્યાહ રહી.*

**સુન્દરમ્**

સુન્દરમ્નું આ નાનકડું પદ, ફૂલ પર ઠરેલું કોઈ ઝાકળનું બિંદુ કે તુલસીના પાંદડા પર પડેલું મીરાંનું આંસુ મોતી થઈ ગયું હોય એના જેવું છે. આ પદનું વિવરણ એક જ રીતે કરી

શકાય—કેવળ એને મનમાં ગુંજીએ અને ભક્તિનીતરતું કોઈ આકાશ ઊઘડતું હોય ત્યારે એને આંખ મીંચીને જોયા કરીએ... એ આસ્વાદ.

કેવળ પિયાનો મહિમા નથી; એ મારો છે એનો મહિમા છે. પણ બે વચ્ચે જે થયું એની કોઈ જ જાણ નથી. કેવળ ચુપચાપ ચાહ્યા કરું છું એ અંગત જીવનની હકીકત છે, કહો કે પરમ સત્ય છે. પ્રેમની આંખથી બધું રૂપાળું લાગે. એટલે જ 'તુમ કિતને સુહાવન.' બંને સદ્ભાગી છે. પણ કાવ્યનાયિકા પોતાના સદ્ભાગ્યને કેટલી ખુશાલીથી લલકારે છે! કહે છે: 'તુમ પાયે મૈં બહુ બડભાગી.' અને પછી તો કહે છે કે મારાં તો પળપળ લગ્ન થઈ રહ્યાં છે. ગીતની પંક્તિઓ યાદ આવે છે:

*ચકરાવો લેતા કોઈ પંખીની જેમ,*
*મને વીંટે છે યાદ એક તારી;*
*તારી આ કેવી મને લગની,*
*કે મારી અહીં એકે પળ હોય નહીં કુંવારી.*

## મનની વહેતી મિતાક્ષરી

કવિતા લખવાની શરૂઆત કરી હતી ત્યારે શિખરિણીમાં બે પંક્તિ લખી હતી:

*મને મારી રીતે જીવન જીવવા હોંશ અતિ છે,*
*જગે ર્‌હેતા લોકો, સમય સહુની ઓર મતિ છે.*

આ તો પ્રારંભકાળની પંક્તિઓ છે. દરેક માણસના જીવનમાં અનેક ઝંખના હોય છે. બધી જ ઝંખના પૂર્ણ નથી થતી એ સારું છે. જીવવા માટે થોડોક વસવસો પણ જોઈએ. આ પંક્તિ લખી હતી એટલું જ; પણ મારા મનમાં તે વખતે જીવનનો કોઈ સ્પષ્ટ અભિગમ નહોતો. જેમ જીવતા જઈએ છીએ તેમ જીવન ઊઘડતું આવે છે. પહેલેથી, કોલેજકાળથી જ એક ગતાગમ હતી કે સાહિત્યમાં રસ છે તો સાહિત્યમાં કશુંક કરવું. સંજોગો પણ એવા ઊભા થયા કે મને અધ્યાપનનું ક્ષેત્ર મળ્યું. હું જીવનને અને માણસને ચાહનારો માણસ છું. મને માણસમાત્રમાં રસ છે. આ માણસ વિશેનો રસ એ મારો જીવનરસ છે. મને વાતો કરવી ગમે છે—માણસો અને જાત સાથે. મારી આવી વાતોમાંથી જ મારું બીઇંગ ઊઘડ્યા કરે છે.

મિત્રો સાથે વાતો કરવાનો આનંદ છે. સમારંભોનો થાક છે. હમણાં હમણાં વાદ્યસંગીત સાંભળું છું, ખાસ કરીને રાતે, અથવા વહેલી સવારે. આ સંગીત મને મારું એકાંત રચી આપે છે. વાદ્યસંગીત એટલા માટે કે એમાં શબ્દ નથી હોતા. શબ્દ સાથે અર્થ સંકળાયેલા હોય છે અને એ અર્થ આપણને વિચાર કરતા કર્યા કરે. વિચારમાંથી છૂટવામાં અને સંવેદના સાથે સંકળાવામાં વાદ્યસંગીત એક માહોલ રચી આપે છે. આ માહોલનાં પણ મારે કાવ્યો લખવાં છે. સૂરની કેડીએ શબ્દને નવી રીતે ઓળખવો છે, પામવો છે અને શબ્દોથી છૂટા પડી જવું છે.

ક્યારેક મૃત્યુનો વિચાર ફરકી જાય છે, પણ એનું આક્રમણ નથી. મૃત્યુ વિશેની વિભાવના છે. એલિયટે કહ્યું હતું એમ End should be simple, sudden and God-given. જેમ જન્મ પર આપણો અધિકાર નથી તેમ મરણ પર પણ આપણો અધિકાર નથી ને જેના પર આપણો અધિકાર ન હોય એનાં ચૂંથણાં શું કામ કરવાં?

છેલ્લી ઘડી સુધી કશુંક કરતો હોઉં એ મને ગમે. નિષ્ક્રિયતા મને કઠતી વસ્તુ છે. એનો અર્થ એવો નથી કે હું મારા મનનું વૅકેશન લેતો નથી. પણ મારી આરામ લેવાની રીત જુદી છે. પથારીમાં પડ્યા રહેવું, જાતજાતના વિચારો કર્યા કરવા, એમાંથી કશુંક ઊઘડતું આવે તો માણ્યા કરવું અને છેવટે જે વિચારોને આચારમાં ન મૂકી શકાય એને ખંખેરી નાખવા. હું મારી રીતે જલસાથી જ જીવું છું અને મને શ્રદ્ધા છે કે જલસાથી જ મરીશ.

હું કોઈક માણસ પ્રત્યે ઉદાસીન રહી શકું, પણ કોઈ પણ માણસને ધિક્કારવાનું મારું ગજું નથી, એને હું મારું સદ્ભાગ્ય માનું છું.

પ્રેમથી મોટો કોઈ ધર્મ નથી. તમે કોઈકને માટે કંઈક કરી છૂટો એનાથી મોટી વિધિ કોઈ નથી. ઈશ્વર જાણે કે મારો દોસ્ત હોય એમ એની જોડે વાત કરતો હોઉં એવી રીતે મારી બધી લાગણીઓ, ભાવનાઓ, વિચારો, ચિંતાઓ, સંઘર્ષો, મુશ્કેલીઓ એમની સાથે share કરતો હોઉં છું. આપણે જાણીએ છીએ કે એ સર્વજ્ઞ છે છતાં પણ એ જાણે કે આપણાથી અજ્ઞ છે એમ માનીને એને બધું કહેતો હોઉં છું. આ સંબંધ સોદાબાજીનો નથી.

હું ઈશ્વરમાં દૃઢપણે માનું છું અને મારી આસ્થા જીવે છે એટલે તો હું જીવું છું.

[સંક્ષિપ્ત]

**આવતીકાલ મારી પ્રિયતમા (મારી બારીએથી-14, 1995)**

*હું આવતી કાલમાં માનતો ન હોત*
*તો મેં કવિતા લખવી બંધ કરી હોત!*

*ગઈ કાલે જ*
*મારી પત્નીને મેં તુલસીનો છોડ ઉછેરતાં જોઈ હતી.*
*સાંજને સમયે સૂર્યનાં કિરણો*
*એનાં પાન પર લખતાં હતાં યાત્રાની લિપિ.*

*હું આજમાં માનું છું*
*એથી તો હું ગઈ કાલના કવિઓની કવિતા વાંચું છું.*

*સવારના સૂર્યનો તડકો*
*મારી બાલ્કનીમાં આવીને મારા ઘરને અજવાળી જાય છે.*
*પંખીનો ટ્હૌકો ઘણીયે વાર મને ગીતનો ઉપાડ આપે છે.*

*શિશિરમાં જેનાં સઘળાંયે પાન ખરી ગયાં છે*
*એવા વૃક્ષને તો પંખીનો ટ્હૌકો પણ પાંદડું લાગે.*

*હું એ ટ્હૌકાને આંખમાં આંજી લઉં છું*
*અને લખું છું મારી લિપિ.*

*આવતી કાલ, એ ઈશ્વરનું બીજું નામ છે!*

**તારીખનું ઘર (1970)**

*ના, ના નહીં ધિક્કારવા જેવો*
*માણસ અંતે ચ્હાવા જેવો.*

*ખૂણા-ખાંચા હોય છતાંયે*
*માણસ એ તો*
*ગીત-ગઝલમાં મન મૂકીને ગાવા જેવો!*

*હિમશિખરની શાતા જેવો*
*વડવાનલ કે લાવા જેવો*
*અવસર, માતમ, લ્હાવા જેવો*
*અંત વિનાના પ્રશ્નો પૂછે:*
*કેવો માણસ, માણસ કેવો...?*

*માણસ તો માણસના જેવો...*
*જેવો તેવો હોય છતાંયે*
*સાચા દિલની વાહ્-વા જેવો*
*માણસ અંતે લ્હાવા જેવો!*

**એક અનામી નદી, (19-8-1981)**

*તું વૃક્ષનો છાંયો છે, નદીનું જળ છે*
*ઊઘડતા આકાશનો ઉજાસ છે:       તું મૈત્રી છે.*

*તું થાક્યાનો વિસામો છે, રઝળપાટનો આનંદ છે*
*તું પ્રવાસ છે: સહવાસ છે:       તું મૈત્રી છે.*

*તું એકની એક વાત છે, દિવસ ને રાત છે*
*કાયમી સંગાથ છે:       તું મૈત્રી છે.*

*હું થાકું છું ત્યારે તારી પાસે આવું છું*
*હું છલકાઉં છું ત્યારે તને ગાઉં છું*
*હું તને ચાહું છું:       તું મૈત્રી છે.*

*તું બુદ્ધનું સ્મિત છે, તું મીરાંનું ગીત છે*
*તું પુરાતન તોયે નૂતન અને નિત છે.       તું મૈત્રી છે.*

*તું વિરહમાં પત્ર છે, મિલનમાં છત્ર છે*
*તું અહીં અને સર્વત્ર છે: તું મૈત્રી છે.*

*તું સ્થળમાં છે: પળમાં છે:*
*તું સકળમાં છે અને તું અકળ છે: તું મૈત્રી છે.*

**હું તને લખું છું (30-7-1988)**

*એકાન્ત (1966) થી*
*બે સ્ટેશનની વચ્ચે (2012) સુધી...*

*લીલ લપાઈ બેઠી જળને તળિયે;*

*સૂર્યકિરણને એમ થયું કે લાવ જઈને મળિયે!*

*કંપ્યું જળનું રેશમપોત;*
*કિરણ તો ઝૂક્યું થઈ કપોત.*

*વિધવિધ સ્વરની રમણા જંપી નીરવની વાંસળીએ!*

*હળવે ઊતરે આખું વ્યોમ;*
*નેણને અણજાણી આ ભોમ*

*લખ લખ હીરા ઝળકે ભીના તૃણ તણી આંગળીએ!*

**એકાન્ત (1966)**

*મંદિર સાથે પરણી મીરાં, રાજમહલથી છૂટી રે:*
*કૃષ્ણ નામની ચૂડી પહેરી, માધવની અંગૂઠી રે!*

*આધી રાતે દરશન માટે આંખ ઝરૂખે મૂકી રે:*
*મીરાં શબરી જનમજનમની જનમજનમથી ભૂખી રે!*

*તુલસીની આ માળા પહેરી મીરાં સદાની સુખી રે:*
*શ્યામ શ્યામનો સૂરજ આભે, મીરાં સૂરજમુખી રે!*

*કાળી રાતનો કંબલ ઓઢી મીરાં જાગે સૂતી રે:*
*ઘાયલ કી ગત ઘાયલ જાણે: જગની માયા જૂઠી રે!*

**હસ્તાક્ષર (1977)**

*કોઈ રસ્તાની ધારે ધારે બેસી સાંજસવારે*
*તારી રાહ જોઉં છું.*
*ઊડતાં ઊડતાં પંખીઓ પણ તારું નામ પુકારે*
*તારી રાહ જોઉં છું.*

*તારું નામ લઈને આભે સૂર્યોદય પણ થાતો.*
*સૂરજ તારું નામ લઈને સાંજે ડૂબી જાતો.*
*કદીક આવશે તું: એવા અગમ તણા અણસારે*
*તારી રાહ જોઉં છું.*

*વનની કેડી વાંકીચૂકી: મારી કેડી સીધી.*
*મેં તો તારા નામની મીઠી કમલકટોરી પીધી.*
*રાતની નીરવ શાંતિ: એના રણઝણતા રણકારે*
*તારી રાહ જોઉં છું.*

**કોઈ રસ્તાની ધારે ધારે (1985)**

*એક મકાન હતું. મકાનનો રંગ પીળો હતો. માણસના રંગ જેવો જ. મકાનને અને માણસને સ્ક્વેર—ફૂટનો નાતો હતો, માણસને બીજા માણસ સાથે હોય છે એવો જ. એક મકાનને ફ્લૅટ હતા. કોઈક નાના, કોઈક મોટા, —જૂના જમાનામાં રાજાને કુંવર હોય એવા. બે રૂમ અને કિચનનો ત્રિકોણ હતો, ટૂથબ્રશ જેવી બાલ્કની હતી અને હાથ સાંકડા કરીને ટુવાલથી શરીર લૂછી શકો એટલો મોટો બાથરૂમ હતો. હાથરૂમ ભયો ભયો, બાથરૂમ જિયો જિયો, જિયો જિયો, ભયો ભયો! ભયો ભયો, જિયો જિયો!*

*...*

*એક એક મકાનમાં હોય છે ફ્લૅટ, જેવું જેનું ગજવું, જેવું જેનું પેટ—એક એક મકાનમાં ફ્લૅટમફ્લૅટ. કોઈને ત્યાં ડોગ, કોઈને ત્યાં કૅટ. બધું જ પાળેલું. બારી પર પડદા પાળીએ. બાલ્કનીમાં, ટેરેસમાં ઝાડ પાળીએ, પાન પાળીએ. ભગવાન પણ પાળેલા. ગોખલામાં પંપાળેલા. ડ્રોઇંગરૂમનો ખૂણેખૂણો, કેવો ભરેલો, ક્યાંય ન ઊણો. વૉલ ટુ વૉલ કાર્પેટ, જેવું જેનું ગજવું, જેવું જેનું પેટ. એક એક મકાનમાં ફ્લૅટમફ્લૅટ.*

*...*

*એક મકાન હતું. મકાનને અને માણસને સ્ક્વેરફૂટનો નાતો હતો. સમજ નથી પડતી કે માણસ રોતો હતો કે માણસ ગાતો હતો.*

**સાતત્ય (1978)**

*બે સ્ટેશનની વચ્ચે થીજી ગયેલા સમય જેવી*
*ઊભી રહેલી ટ્રેન: બારીમાંથી કાળાધબ અંધકાર*
*સિવાય કશું દેખાતું નથી. ટ્રેનની બારી પણ*
*પરસેવે રેબઝેબ. આંખ થોડી થોડી વારે*
*ઉઘાડ-બંધ થયા કરે અને ક્યારેક પસાર થતી*
*ટ્રેનના અવાજથી જાગી જાય. સામાનની જેમ*

*ગોઠવાયેલા પૅસેન્જર્સ. સૌ સૌના કમ્પાર્ટમેન્ટમાં*
*ઓછેવત્તે અંશે બેચેન હશે. ક્યારેક ઓચિંતું*
*બાળકનું ક્રંદન, એને છાનું કરવાના પ્રયત્નો.*
*ટ્રેન તો એવી ને એવી જ સ્થિતપ્રજ્ઞ જેવી.*
*કાચબા જેવી. કે ગતિહીન આડા પડેલા પહાડ જેવી.*
*મનોમન બધા જ રાહ જોઈ રહ્યા છે કે*
*ક્યારે સવાર પડે, ટ્રેનમાં જીવ આવે, અત્યારે તો*
*ICUમાં વેન્ટિલેટર પર હોઈએ એવા....*

**બે સ્ટેશનની વચ્ચે (2012)**